# બાટલો સત્ય જગત મિથ્યા

નબોલવામાં નવ ગુણ
★ નટવર પંડ્યા

આમ તો બાટલો યાદ કરીએ એટલે બાટલી યાદ આવે જ! આદત ન હોય તો પણ! કારણ કે આ બંને શબ્દો અનુક્રમે નર-નારી જાતિનું સ્વરૂપ છે. આમાં જે નર જાતિ (બાટલો) છે તેને નારી (ગૃહિણી) વધુ યાદ કરે છે અને નારી જાતિ (બાટલી) છે તેને નર વધુ યાદ કરે છે. આમ અહીં પણ વિજાતીય આકર્ષણનો નિયમ બરકરાર રહે છે. આમ તો આપણે ત્યાં બાટલા કે બાટલીની તંગી ક્યારેય સર્જાતી નથી. બંનેનું વિતરણ સુવ્યવસ્થિત ધોરણે ચાલ્યા કરે છે. ગ્રાહક બાટલો લખાવે એટલે બીજે-ત્રીજે દિવસે મળી જાય. જ્યારે કોઈ બાટલી લખાવે તો તે અડધો કલાકમાં મળી જાય. આમ બાટલા કરતા પણ બાટલી ડિસ્ટ્રીબ્યુશનનું મેનેજમેન્ટ વધુ પરફેક્ટ અને 'પાવરફુલ' પણ છે. બાટલો અને બાટલી બંનેમાં રહેલા પદાર્થો જ્વલનશીલ છે પણ બાટલો સળગાવ્યા પછી ઘરમાં રોટલા થાય છે અને બાટલી સળગાવ્યા પછી ઘરમાં રોટલાના તૂટે છે.

આમ તો દરેક ઘર બાટલાનું ગ્રાહક તો હોય જ! પણ ઘણા ઘર એવા છે કે તેમાં બાટલો અને બાટલી બંનેના ગ્રાહક હોય છે. આજકાલ 'બાટલાની અછત થશે' એવી વાતો સંભળાય છે. તો પણ બાટલીવાળો અકળાતો નથી, પણ જો તેને ખબર પડે કે 'બાટલીની અછત સર્જાશે.' તો તેને રાત્રે ઊંઘ નથી આવતી. બાટલો કે બાટલી બંનેની અછતમાં આપણે સગાસંબંધી, મિત્રો ઓળખીતા-પાળખીતાને કહીએ કે 'બાટલો પડ્યો હોય તો આપોને, અઠવાડિયામાં પાછો આપી દઈશું.' અથવા તમે કહો તે પૈસા આપી દઈએ. બાટલીમાં પણ એ જ રીતે પૂછપરછ કરવામાં આવે છે કે 'કંઈ પડ્યું છે થોડું ઘણું! તો લઈ જઈએ.' બાટલીમાં પૈસાનો પ્રશ્ન તો નડતો જ નથી. એવું બને



કે બાટલીના બંધાણીના ઘરમાં અનાજ, શાકભાજી, દૂધ કે બાટલો ખરીદવાના પૈસા ન હોય પણ બાટલીના પૈસા ન હોય એવું ક્યારેય ન બને! એ નાણાની જોગવાઈ તો ગમે ત્યાંથી થઈ જાય છે. (ફાયનાન્સ મેનેજમેન્ટ આ લોકો પાસેથી શીખવા જેવું છે.) આમ જુઓ તો બાટલો અને બાટલી બારમાસી છે. પણ ચોમાસાના ભરપૂર વરસાદી માહોલમાં (અને માવઠાના માહોલમાં પણ) બાટલીના બજારમાં ફૂલગુલાબી તેજી જોવા મળે છે. આ એક જ એવું બજાર છે જેમાં ક્યારેય મંદી જોવા મળતી નથી. અમે તો ઈચ્છીએ કે જેમ શેરબજારમાં સેન્સેક્સ અને નિફ્ટીના ફિગર્સ દરરોજ બહાર પડે છે એ જ રીતે બાટલી બજારનો આલ્કોહેક્સ અને પોટલીના ફિગર્સ પણ દરરોજ બહાર પડવા જોઈએ. તેનાથી લોકોમાં બાટલીના આલ્કોહેક્સના ફિગર્સ જાણવાની આતુરતા વધશે. 'લાગતા વળગતા' ઓને તો રોજબરોજની રોમાંચક વિગતો જાણ્યા પછી પચાસ ટકા કેફ તો એમને એમ જ ચડી જશે. બાટલીના ભાવમાં પણ વધઘટ થાય છે. અને બાટલાના ભાવમાં પણ વધઘટ થાય છે (તેમાં 'ઘટ' ભાગ્યે થાય છે.) પણ તેના ચડાવ-ઉતાર એટલા રોમાંચક હોતા નથી. તેમાં થતો વધારો તો ચિંતાજનક હોય છે. અને ચિંતા કરવાનું જનતાના લમણે લખાયેલું છે. હા બાટલાનો ભાવ વધારો ચિંતાજનક હોય છે તો આવી ચિંતા દૂર કરવા બાટલી હાજર હોય છે.


બાટલો અને બાટલી ઉપરાંત બાટલાનો એક ત્રીજો પ્રકાર પણ છે. તે છે ડોક્ટરને ત્યાં ચડાવવામાં આવતો બાટલો. આ મેડિકલનો બાટલો અને 'બાટલી'માં પાયાનો ફર્ક એ છે કે મેડિકલનો બાટલો ચડાવવો પડે છે. જ્યારે બાટલી આપોઆપ ચડે છે. વળી બાટલો દર્દી પ્રમાણે જુદો જુદો ચડાવવો પડે છે. જ્યારે બાટલી બધાને એક જ પ્રકારની મળે તો પણ ચડે છે. કારણ કે 'લાખ દુઃખો કી એક દવા હૈ' એટલે ગ્રાહકનું કોઈપણ દર્દ હળવું કરવામાં બાટલી ઉપયોગી છે. આજકાલ તો અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે પ્રણયત્રિકોણ જેવો જ 'બખેડા ત્રિકોણ' રચાયો છે. પ્રણય પણ આમ તો બખેડાનું જ એક છદ્મ સ્વરૂપ છે. જે સમય વીતતા સમજાય છે. બખેડો અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે છે અને ઉપાધિ આપણે છે કે બાટલા મળશે કે નહીં. આમાં મૂળ મુદ્દો એ છે કે ટ્રમ્પને જ્યાં જ્યાં તેલ દેખાય છે




**આમ તો દરેક ઘર બાટલાનું ગ્રાહક તો હોય જ ! પણ ઘણા ઘર એવા છે કે તેમાં બાટલો અને બાટલી બંનેના ગ્રાહક હોય છે. આજકાલ 'બાટલાની અછત થશે' એવી વાતો સંભળાય છે. તો પણ બાટલીવાળો અકળાતો નથી, પણ જો તેને ખબર પડે કે 'બાટલીની અછત સર્જાશે.' તો તેને રાત્રે ઊંઘ નથી આવતી**

ત્યાં ત્યાં ખેલ નાખે છે. ટ્રમ્પ વિચારે છે કે દુનિયા જાય તેલ લેવા પણ આપણે કોઈપણ રીતે દુનિયાનું તેલ લઈ લેવું. એટલે તો પેલા વેનેઝુએલાના માદુરોને ઉપાડી લાવ્યા. એ જ રીતે ઈરાનને પણ બગલબચ્ચું બનાવવુ છે પણ ઈરાનમાં તો ટ્રમ્પને એરુ (સાપ) પકડાઈ ગયો હોય એવી સ્થિતિ છે.

આજકાલ વાતાવરણ બદલાઈ ગયું છે. (હા, આ લખાય છે ત્યારે માવઠાની આગાહી છે. આ યુદ્ધ પણ માવઠાની જેમ વહેલું પતી જાય એવુ ઇચ્છીએ.) અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાનના બખેડા પહેલા આપણે ત્યાં ઉંમરલાયક દીકરો ધરાવનાર જે તે મમ્મીઓ સામેવાળાને એવા સવાલ પૂછતી કે તમારે કેટલી દીકરીઓ? એમાંથી કેટલી કુવારી? જેને પૂછ્યું હોય ત્યાં કુંવારી દીકરી ન હોય તો આગળ પૂછે કે તમારા કુટુંબમાં, મામા-માસી, ફોઈ, એમાં ક્યાંય છોકરી હોય તો કહેજો ને. હમણાં આવી પૂછપરછ જરા બાજુમાં મૂકીને પાણી પહેલાં પાળ બાંધવાના ધોરણે નવી પૂછપરછ શરૂ થઈ છે કે તમારે ત્યાં કેટલા બાટલા છે? કેટલા કનેક્શન છે? એકેય ભરેલો પડ્યો છે? તમારા આડોશ-પાડોશમાં, મામા માસીને ત્યાં, મિત્રને ત્યાં વધારાનો બાટલો ખરો!? આમ વાતાવરણ બદલાઈ ગયું છે. વાત આજકાલ સગાઈથી છટકીને બાટલે અટકી છે. દેશની ચિંતા કરનારા હવે ગેસની ચિંતા કરવા લાગ્યા છે. આપણે ત્યાં કોઈપણ સમસ્યાને અનેકગણી મોટી કરી બતાવવામાં મીડિયાનો સિંહ ફાળો હોય છે. આ લખાય છે ત્યાં સુધી તો બાટલાની ખાસ કોઈ તંગી નથી અને અમારું માનવું છે કે ભવિષ્યમાં કોઈ તંગી થવાની પણ નથી. પણ મીડિયાવાળા ગેસના મુદ્દાને એવો ભડકાવી રહ્યા છે કે દરેક પરિવાર એવું વિચારી રહ્યો છે કે આપણે ત્યાં સ્ટોકમાં ઓછામાં ઓછા દશેક બાટલા તો હોવા જ જોઈએ. એટલે અત્યારનો માહોલ 'બાટલો સત્ય જગત મિથ્યા' જેવો છે. એટલે હાલમાં બાટલાની ચિંતામાં જો કોઈ ગુજરી જશે તો તે જરૂર પ્રેતાત્મા થશે. ગેસની ચિંતામાં ગુજરી ગયેલા ને પાછો અગ્નિદાહ તો ગેસ ભઠ્ઠીથી(ચિતા) જ આપવામાં આવશે. અત્યાર સુધી આપણી સોસાયટીમાં બાટલો સપ્લાય કરતા ટેમ્પાવાળા ક્યારે આવતા અને ક્યારે જતા રહેતા તેની કોઈ નોંધ પણ ન લેતું. પણ આજકાલ સોસાયટીમાં બાટલાનો ટેમ્પો આવે છે ત્યારે જાણે કે સોસાયટીમાં કોઈ મહાનુભાવોની પધરામણી થઈ હોય એ રીતે ટેમ્પાના ડ્રાઈવર અને હેલ્પરને જોઈ રહે છે, પણ હવે તે લોકો કોઈની સામે નથી જોતા, નોંધ નથી લેતા. કોઈ તેમને ખાનગી ધોરણે પૂછે કે 'છે એકાદ વધારાનો!' તો તેઓ જવાબમાં એક શબ્દ પણ વેડફતા નથી. નકારમાં માથું હલાવીને જવાબ આપે છે. એટલે પૂછનાર મનોમન અકળાઈને બોલી ઊઠે છે કે આના મગજમાં પણ આજકાલ (રાઈની જગ્યાએ)ગેસ ભરાઈ ગયો છે. જો આમ જ ચાલ્યું તો ગેસના બાટલાનો ટેમ્પો ચલાવનાર અને બાટલો ઘેર ઘેર પહોંચાડનાર, જે કોઈ કાચા કુંવારા હશે તેમને ત્યાં કન્યાઓના માગાની લાઈનો લાગશે. આને મજાક ના સમજશો. આ દુનિયામાં કશું અશક્ય નથી અને ભારતમાં તો



નથી જ! જેમ નોટબંધી વખતે કેટલાક યુવાનો બેંકમાં કોન્ટ્રાક્ટ બેઝ પર જોબ કરતા'તા. તેમને ત્યાં પણ માગા આવવા લાગ્યા'તા. એવું જ બાટલામાં થશે. તેથી જ કહ્યું છે ને કોઈપણ ધંધાને નાનો ન સમજવો (અને બહુ મોટો ય ન સમજવો! હોય એવો જ સમજવો.) આમ તો લોકોને પેટમાં થતા ગેસની ચિંતા હોય છે. પણ હવે પેટ ભરવા માટેના ગેસની ચિંતા છે. કહેવાય છે કે ચિંતાથી ગેસ વધે છે. વિધીની વક્રતા એ છે કે બાટલી પર અસંખ્ય ગઝલો લખાય છે પણ ત્રણ ત્રણ ટાઈમ આપણા પેટ ભરવા માટે અનિવાર્ય એવા બાટલા પર એક પણ ગઝલ, ગીત તો શું હાઈકુ પણ નથી રચાયું. નહીં તો આપણે ત્યાં બાટલો ખભે ઊંચકીને આપવા આવનાર ગેસકર્મી પણ 'શાકી'થી કંઈ કમ નથી. પણ આ લેખ વાંચ્યા પછી બાટલાવાળાને જોવાનો લોકોનો દ્રષ્ટિકોણ બદલાય તો અમને એક પર એક બાટલો ફ્રી મળ્યા જેટલો આનંદ થશે. જોકે બાટલાની ચિંતા કરવાની જરૂર નથી. આપણે ત્યાં ખાસ કોઈ અછત થશે નહીં. હા, ફક્ત ભાવવધારો જરૂર થશે.

## *ગરમાગરમ:-*

**યે સોચના ગલત હૈ, કી તુમ પર નજર નહીં;**
**મશરૂફ હમ બહુત હૈ, મગર બે-ખબર નહીં**
**- આલોક શ્રીવાસ્તવ.**
**(સાવધાન!! આ શેર નહીં પણ ઇન્કમટેક્સની ચેતવણી છે માર્ચ એન્ડિંગ ચાલે છે ને!) (મશરૂફ=વ્યસ્ત)**